# गूजराती इंद्रजाळ.

પ્રાચીન પુસ્તકો ઉપરથી

છપાવનાર,

## છગનલાલ બેચરદાસ.



## अमदावाद

દાણાપીઠ—"ગુજરાત ગેઝેટ" છાપખાનામાં
ઠક્કર ચેતરામ હરીલાલે છાપી.

સંવત ૧૯૪૯—સને ૧૮૯૨

કિમત આઠ આના.

# गूजराती इंद्रजाळ.

## प्रारंभ.

### દોહરો.

સાજુ હોય શરીર તો,
સઘળી વાતે સુખ;
નહીંતો નાણું બહુ છતાં,
દિન દિન પ્રત્યે દુખ. ૧
ભણતાં ભણતાં બહુ ભણ્યો,
વિદ્યા અન્ય અનેક;
શરીર સાચવણી તણો,
અક્ષર ન ભણ્યો એક. ૨
તેતો ભણતર તુચ્છ છે,
વળી બુદ્ધી પણ વ્યર્થ;
શરીર સાચવણી વિના,

સરે ન સઘળો અર્થ. ૩
માટે વૈદક વાંચજો,
પુરણ રાખી પ્રીત;
જેથી કાંઇ પણ જાણશો,
રોગ મટયાની રીત. ૪
વૈદકથી આયુશ વધે,
સુખમાં રહે સદાય;
માટે વિદ્યા વૈદની
જરૂર જેવી જણાય. ૫
જો ધન છે ઘરમાં ઘણું,
હોય શરીરમાં શુળ;
તો તેના મનમાં ગણે,
ધન સઘળુ તે ધુળ. ૬
જેની ઘણી જરૂર છે,
શોધી તેનો સાર;
રૂડુ આ પુસ્તક રચ્યું,
સઉ સુખ દેનાર. ૭
મિતા અહારજ રાખજો,

દીવશને વળી નીશ;
વિવેકી એમ વર્તશો,
થાશે લાભ અતીશ. ૮

---

## જમીનમાં ધન હોય તે જાણવાની રીત.

જે જગ્યાએ કાગડો મૈથુન કરે ત્યાં ધન હોવું જોઇએ. તથા જે જગ્યાએ સીંહુનું રેહાણ હોય તે જગ્યાએ ધન હોવું જોઇએ ત્રીજું જે જગ્યાએ ઝાડપર માત્ર જેઠ અને અસાડ મહીને પાંદડાં દેખાય અને બીજી ઋતુમાં પાંદડાં હોય નહીં તે જગ્યાયે નીશ્ચે ધન હોવું જોઇએ.

---

## રાજા વશ કરવની રીત.

કેસર, ચંદન, કપુર, ગોરોમન, ગાયના, ઘીમાં ઉકાળીને કપાળે ટીલું કરવાથી

રાજા વશ થાય છે.

---

## સ્ત્રીપુરૂષમાં લડાઈ થાય.

ઊંદર અથવા કાળી બીલાડીના વાળ શનીવારે જે પુરૂષ અથવા સ્ત્રી લાવે તેના ઘરમાં કંકાસ થાય.

---

## ઘરમાં સાપ ન રહે.

સીંહની ચામડી અને કુંગળીનો કાંદો ભેગાં રાખેતો ઘરમાંથી સાપ જતો રહે. અને બીજા સાપ આવે નહીં.

---

## દેહ રક્ષક મંત્ર.

ओम् परब्रह्म परमात्मने मम शरीरे पाहि पाहि कुरुकुरुं स्वाहाः ॥

આપણા પર કોઇ મુઠ ચોટ મારવાનો શક હોયતો તેના પેહેલા આપણી દેહ-રક્ષકનો મંત્ર ૧૦૮ વાર જપવો કે જેથી આપણને મુઠ ચોટ લાગે નહીં.

---

## ઇંદ્રિજાળ મંત્ર.

ओम नमो नारायणाय विश्व भराय इंद्रजाळको तुकान द-र्शय दर्शय कुरु सिद्धि कुरु स्वाहा: ॥

ઇંદ્રજાળનો ગમે તે મંત્ર સાધવો હોય તે પેહેલાં આ મંત્રનો જપ કરવો.

---

## ધંધો રોજગાર વધારનાર મંત્ર.

काली कंकाली महा काली,

सर्व सुंदरी जिये व्हाली.
चार वीर भैरुं चोराशी,
तवतो पूजुं पान मीलाइ.
अब बोलो कालीकी दुहाइ.

દરરોજ પ્રાત:કાળમાં સ્નાન કરીને આ મંત્ર ૪૯ વાર બોલે તેનો ધંધો રોજગાર સારો ચાલે.

---

આધાશીશીનો મંત્ર.

ओम् नम आदेश गुरुकूकली
चली कर करठेली ॥ चेली ॥
वोहा हनुमानजीकी हाकवागे।
अर्ध शीशी नासे ॥

આ મંત્રને સાતવાર બોલી ભભુતીની ચપટી ભરવી કે આદ્દાશીશી ઉરી જાય.

---

## રોગ શાન્તી મંત્ર.

ओम् नमो आदेश गुरुकु ॥ बाल रखे बालनी कपाल रखे जोगीनी ॥ मुखरखे कुंभकर्ण॥ पीठ रखे विभिषण ॥ नख रखे नरसिंह ॥ कलेज्जा रखे काली भवानी ॥ कंबर रखे कवारका देव ॥ पींड रखे गोरखनाथ ॥ पीडा प्राण सात

रखे गुरूके पास.

गुरूकी शक्ति मेरी भक्ति ॥

चलो मंत्र इश्वरी वाचा ॥

આ મંત્રને સીદ્ધ કરીને ઉપયોગ કરતી વખતે સાત વાર વિભુતી મંત્રવી.

---

દ્રષ્ઠી ઉતારવાનો મંત્ર.

बांधु बांधु नजर बांधु दुशमनकी आंख बांधु, आंखकी कमान बांधु, जावे जा उतरजा. लगी नजर सो वाचा चुकेतो वीर हनुमनाकी और लछमन

गुरू गोरखनाथकी आण फिरे
स्फुरो मंत्र इश्वरी वाचा ॥
स्फुरो मंत्र इश्वरी वाचा ॥

આ મંત્ર ૧૧ વાર જંપી ભસ્મ મંત્રી કપાળે લગાવી હોયતો દ્રષ્ટી ન લાગે. અથવા શનીવારે દોરાને ધુપ દેઇ એક વાર મંત્ર જપી એક ગાંઠ બાંધવી આ પ્રમાણે અગીઆર વાર મંત્ર જપી ગાંઠો વાળી જેને નજર લાગી હોય તેના ગળે બાંધવાથી દ્રષ્ટી ઉતરી જાય.

---

વીંછી ઉતારવાનો મંત્ર.

अरे अरे वीचवा होता कोठे होता वारूळी होता होता लइचे खुरी काटा तिडक जोर

जाय न उतरे तर तुला गुरू-
ची आण मंगळाची आण स्फु-
रे मंत्र इश्वरी वाचा सत्य मंत्र
गुरूका साचा.

આ મંત્રને સાતવાર ભણી રાખ્યાથી ઉતારવો. એટલે તરત ઉતરી જશે ને જેને કરડયો હશે તેને આરામ થશે.

---

મંત્ર ૨ જો.

कळा विंचू कवडे पाय.
उतर विंचू पाताळकु जाय.
गुरूकी शक्ति मेरी भक्ति.
चलो मंत्र इश्वरी वाचा ॥

આ મંત્ર સીદ્ધ કરી જ્યારે વીંછી ઉ-
તારવો હોય ત્યારે રખ્યા લાવી હાથે
વતી કરડેલી જગાયે ઝાડકતા જવું ને
મંત્ર બોલતા જવું.

---

ઝેર ઉતારવાનો મંત્ર

गंगा गौरी दोउ राणी. टांकण
मारी करो विष पाणी. गंगा
वांटे गौरी खाइ. आढाराभार
निष निर्विष हो जाय. गुरुकी
शक्ति मेरी भक्ति. स्फुरो मंत्र
इश्वरी वाचा.

પાણીનો પ્યાલો લેઈ મંત્ર સાતવાર
જપી સાત ફુંકો પાણીને મારવી ને વાં-

૫ ચડેલા માણસને તે પાણી પાવું.

---

## તાવનો મંત્ર

आसमानका धारा ॥ पवनका मारादुशमानतापकाशीर मारा सवा घडी तीन पोहोरमे नहि मारे पिछे फिरेतो. नुनी कुंड चमार कुंडमे पडे ॥ कुंवारी कन्याको विटालमो पडे. स्फुरो मंत्र इश्वरी वाचा मेरी भक्ति गुरूकी शक्ति ॥ सत्य गुरूका मंत्र साचा ॥

આ મંત્રને સાતવાર ભણી દોરાને સાત ગાંઠો વાળી તાવ વાળા માણસને ગળે બાંધવાથી તાવ જાય.

---

## મંત્ર સાધન કરવાની રીત.

જો મંત્ર સાધવો હોય તો જે દીવસે અથવા રાત્રે ગ્રહણ મધ્ય ભાગે આવે તે વખતે નદી, સમુદ્ર, તથા તળાવમાં સ્નાન કરી ગળા સુધી પાણીમાં ઉભા રહી જે મંત્ર સીદ્ધ કરવો હોય તે મંત્ર ૧૦૮ વાર જપવો.એટલે મંત્ર સીદ્ધ થાય પણ મંત્ર દર વર્ષે ફરી ફરી જપવો જોઇસે, વળી જ્યારે મંત્રનો ઉપયોગ કરવો હોય ત્યારે તે જગ્યા સૂદ્ધ હોવી જોઇએ. ગ્રહણને દીવસે ને બનેતો આતવાર, મંગળવાર, શનીવારના દીવસે સમશ્યાન ભુમી પર પણ સીદ્ધ કરી શકાય, પણ

સીદ્ધ કરતી વખતે ઉત્તમ નક્ષત્ર હોવું જોઇએ.

---

## વનસ્પતી સાધન.

જે વનસ્પતી મંત્રમાં ઉપયોગ લેવી પડે તે શનીવારે સાયંકાળે અથવા મંગળવારે પ્રભાતમાં વેહેલા ઉઠી લાવવી

---

# औषधी तंत्र.

## મોતીઆનો ઉપાય.

મોતીઆ તથા પરવાળુ અથવા આંખ દુખતી હોયતો ખાપરીઉં રૂપીયા એક ભાર ચીનાઇ સાકર રૂ ૧) ભાર, પુરત ગાલી તપખીર રૂ ૧) ભાર, હીમજ હ-રડે રૂ ૧) ભાર એ સર્વને ખાંડી બારીક કરીને લીંબુના રસમાં દિવસ સાત સુધી ખરલ કરવું. પછી તેને છાંયડામાં સુકવવું. જ્યારે ખપ પડે ત્યારે સાંજે સાંજે આં-ખમાં આંજવું જેથી ઘણોજ ફાયદો થશે. ખાત્રી કરવાને એકવાર અજમાવી જો-વાથી ખરી પાત્રી થશે.

---

## ધાતુ પુષ્ટીનો ઉપાય.

મોચરશ, અકલગરો, કાળી મુસળી, ધોળી મુસળી, બહુફળી, ઇંદ્રજવ, મીઠા

ગોખરૂ, ગળો સત્વ, સુકાં વડગુંદા, કઉચા ઉટંગણા, બળબીજ, એખરો, ચીનીકબાલા, અને બાવચી, એ સરવે વસાણાં સરખે વજને લઈ ખાંડી ઝીણો ભુકો કરી તેને હવાલે વતી ચાળી નાંખવું. ત્યાર પછી જેટલું વજન વસાણાનું થાય તેથી બમણી ખાંડ ભેળવવી ઓસડ તૈયાર કરી દરરોજ સવારે હથેળી ભરીને ખાય તો શરીરમાંથી નબળાઇ જઈને પુષ્ટ થશે અને મરદાઇ વધશે.

---

## ઉપાય બીજો.

ખસખસનાં પોસ પઇસા ૨) ભાર સુંઠ પઇસા ૨) ભાર ધાવડીનાં ફુલ પઇસા બે ભાર એ સર્વે જણસો પાણીશેર ૬)માં ઉકાળને ૧) શેર પાણી રહે ત્યારે ઉતારી તેને લુગડેથી ગળી નાંખવું. ને

સ્ત્રી સંગ કરતાં પહેલાં એક પહોર અ-
ગાઉ પીવું.

---

## ચાંદી (ટાંકીનો) ઉપાય.

ચાંદીના દરદથી ફોલ્લા થઇને જખ-
મનાં ધારાં પડયાં હોયતો તેનો મટાડવાને
ફાયદાકારક ઓસડ નીચે મુજબ છે.
હીમજ હરડે રૂ ૮) ભાર રસ કપુર
રૂ ૪) ભાર દાડમનાં ફુલ રૂ ૧) ભાર
ઓદાડશીંગ રૂ ૧) ભાર જાયફળ રૂ ૨)
ભાર, એલચી દાણા રૂ૧) ભાર એ સર્વ જ-
ણસો લાવીને સાફ કરી ખુબ બારીક
ખાંડી ચાળી કાગદી લીંબુ નં ૧૦૦)
તેનો રસ કાચના વાસમાં કહાડી ગળી
નાંખવો બાદ તેમાં ડારની દવાનો ભુકો
નાંખીને કઠણ ખલમાં નાંખી ખુબ વા-
ટીને સોપારી જેવડી ગોળીઓ વાળી

સુકવી નાંખી કાચના શીશીનાં ભરી મુકવી અને જેને ચાંદી થઇ હોય તેને હરરોજ ગોળી ૧ (સવારે તથા ગોળી ૧) સાંજે ખવરાવવી ને તેને તેલ, મરચુ હીંગ આંબલી મીઠું વીગેરે ખાવાની પરેજ રખાવવી જેથી જલદી મટી જાયછે.

---

## પરમીયાનો ઉપાય

ઘણી જુની અને પાકી ઇંટ સોધી લાવીને તેનો ખાંડીને ઝીણો ભુકો કરવો પછી તેને બારીક ચાળીને હરરોજ સવારે પા તોલાને આસરે ટહાડા પાણીમાં ફાકે તો પરમીયો મટે.

---

## ઉપાય બીજો.

સફેદ ગુંદર શેર ૦। શીંઘોડા શેર ૦। ખાંડનું બુરૂ શેર ૦॥ મેંદો શેર ૦॥એ

બધાં વસાણાં ભેગાં એક પ્યાલામાં ભરી
તેમાં ઘી શેર ૦। તથા દુધ શેર ૦। નાંખી
સરવેને એકઠું કરી તેમાંથી દર રોજ સ-
વારના પાંચ પાંચ રૂપીઆભાર ખાય તો
પરમીઓ મટી જાય.

## રેગ નિવારણ જંત્ર

| | | | |
|---|---|---|---|
| ૧૭ | ૧૦ | ૮ | ૨ |
| ૩ | ૭ | ૧૩ | ૧૪ |
| ૧ | ૧૬ | ૧૦ | ૮ |
| ૬ | ૪ | ૫ | ૧૧ |

આ મંત્રને સફેદ કાગળપર લખી જળે બાંધવાથી રોગોનો નાશ થાય છે.

## સીદ્ધિ પ્રયોગ જંત્ર.

| | | | |
|---|---|---|---|
| ૨ | ૨૦ | ૧૭ | ૮ |
| ૧૭ | ૩ | ૭ | ૧૬ |
| ૧૮ | ૧૪ | ૧૯ | ૧ |
| ૬૫ | ૬ | ૪ | ૧૮ |

જંગલના વાંસની લેખણ કરી સવા-લાખ વખત આ મંત્ર લખે તો સરવેકામ સીદ્ધ થાય.

## રાજ સભામાં માન પામવાનો જંત્ર.

| | | | |
|---|---|---|---|
| ૪૦ | ૫૦ | ૨ | ૭ |
| ૬ | ૩ | ૪૭ | ૪૮ |
| ૪૯ | ૪૪ | ૮ | ૧ |
| ૪ | ૫ | ૪૫ | ૪૭ |

આ મંત્રને કસ્તુરી અને કપુરના રસમાં લખી પાસે રાખેતો રાજસભામાં સારૂ. માન પામે.

## શીતળા મટાડવાનો જંત્ર.

| | | | |
|---|---|---|---|
| શ્રી. | શ્રી. | શ્રી. | શ્રી. |
| શ્રી. | શ્રી. | શ્રી. | શ્રી. |
| શ્રી. | શ્રી. | શ્રી. | ૦૦ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

આ મંત્ર વડના પાંદડા પર લખી જે બાળકને શીતળા થયા હોય તેના ગળે બાંધવાથી શીતળાના રોગ વાળા બાળકને શાંતી થાયછે.

ગર્ભનું દુઃખટાળક જંત્ર.

| | | | |
|---|---|---|---|
| ૨ | ૯ | ૨૮ | ૩૫ |
| ૩૨ | ૩૧ | ૭ | ૩ |
| ૧ | ૧ | ૩૪ | ૨૮ |
| ૩૩ | ૩૩ | ૪ | ૬ |

આ મંત્રને કાંસાની થાળીમાં લખીને મંત્રને ધુપદેવો પછી તેમાં થોડું પાણી રેડી ગર્ભવંતી સ્ત્રીને પાવું જેથી તેને ગરભમાં પીડા થતી નથી.

## આદ્ધાશીશીનો જંત્ર.

| | | | |
|---|---|---|---|
| ૭૧ | ૪૬ | ૩૫ | ૩૮ |
| ૭ | ૮ | ૪ | ૩ |
| ૩ | ૮ | ૨ | ૧ |
| ૯ | ૭ | ૨૦ | ૧૧ |

જેનું અડધું માથું ચડતું હોય તેને રવીવારને દીવસે આ મંત્ર કેળના પાંદડા પર લખી બાંધે તો દર્દ દુર થાય.

## અન્ન નાશક જંત્ર.

| | | | |
|---|---|---|---|
| ૮૪ | ૯૦ | ૨ | ૭ |
| ૬ | ૩ | ૮૭ | ૮૬ |
| ૮૯ | ૮૪ | ૮ | ૧ |
| ૮ | ૫ | ૮૫ | ૮૮ |

આ મંત્રને લખી અનાજની કોઠીમાં નાંખ્યો હોય તો અનાજ બગડી જાય.

## ધાન વર્ધક જંત્ર.

| | | | |
|---|---|---|---|
| ૨ | ૮ | ૨ | ૨૦ |
| ૮૪ | ૨૩ | ૭ | ૩ |
| ૯ | ૧ | ૨૬ | ૮૧ |
| ૨૨ | ૨૫ | ૪ | ૬ |

આ મંત્ર ભોજપત્ર ઉપર લખી ખેતર-
માં મુકયો હોય તો અનાજ વધારે પાકે.

## જંત્ર.

| | | | |
|---|---|---|---|
| ૫૮ | ૫૨ | ૭ | ૨ |
| ૩ | ૬ | ૫૩ | ૫૫ |
| ૬૩ | ૫૮ | ૧ | ૮ |
| ૫ | ૪ | ૫૭ | ૫૫ |

ઘરના પાછળ પીંપળાના પત્તા ઉપર લખે તો હલુડાની રાત દેખાડે.

## દ્રષ્ટી બંધન જંત્ર

| | | | |
|---|---|---|---|
| ૩૩ | ૮૧ | ૭૨ | ૪ |
| ૯ | ૮૨ | ૮૮ | ૧૧ |
| ૪૯ | ૩૭ | ૨૫ | ૫૦ |
| ૯ | ૨૭ | ૪૫ | ૧ |

આ મંત્ર તાંબાના પત્રાપર લખી બાળકની કોટે બાંધે તો નજર ન લાગે.

## અકાળ મુત્યુ ન થાય તેનો જંત્ર.

| | | | |
|---|---|---|---|
| — | = | ≡ | II |
| II | = | II | ⌒ |
| ≡ | III | | ⌒ |
| ≡ | I | III | ≡ |

આ મંત્ર લખી પાઘડીમાં રાખે તો અકાળ મ્રત્યુનો ભય ન રહે.

## ભઠ્ઠીબંધન જંત્ર.

| | | | |
|---|---|---|---|
| ૭ | ૭ | ૪ | ૧ |
| ૬ | ૩ | ૫ | ૨ |
| ૩ | ૫ | ૨ | ૮ |
| ૬ | ૪ | ૭ | ૮ |

પીંપળાના પાનપર લખીને ભઠ્ઠીમાં નાંખે તો ધાતુ ગળે નીં.

## સીદ્ધિ પ્રયોગ જંત્ર.

| | | | |
|---|---|---|---|
| ૫ | ૧ | ૭ | ૨ |
| ૩ | ૬ | ૩ | ૨ |
| ૮ | ૪ | ૧ | ૧ |
| ૫ | ૪ | ૩ | ૨ |

સીસાની કલમવતી પીપળાની નીચે લખે તો મન ધાર્યું કાર્ય થાય.

## આંબાની વૃદ્ધી જંત્ર.

| | | | |
|---|---|---|---|
| ૮૮ | ૮૫ | ૨ | ૮ |
| ૭ | ૩ | ૮૨ | ૮૧ |
| ૮૪ | ૮૯ | ૯ | ૧ |
| ૪ | ૬ | ૯૦ | ૯૧ |

કેરીના રસવતી લખીને આંબે બાંધે તો ફળ વધારે થાય.

## ચક્રવતી જંત્ર.

| | | | |
|---|---|---|---|
| જં. | જં. | જં. | જં. |
| જં. | જં. | જં. | જં. |
| જં. | જં. | જં. | જં. |
| જં. | જં. | જં. | જં. |

કુંભારનો ચાક ફેરવવાની લાકડી વતી આ મંત્ર લખે તો ચક્રવતી વસ થાય.

## ગઈ વસ્તુ મેળવવાનો જંત્ર.

| | | | |
|---|---|---|---|
| હ્રું. | હ્રું. | હ્રું. | હ્રું. |
| ઈં. | ઈં. | ઈં. | ઈં. |
| જં. | જં. | જં. | જં. |
| હ્રીં. | હ્રીં. | હ્રીં. | હ્રીં. |

કનારની છાયામાં બેસી બકરાના દુવમાં કલમવતી લખે તો ગઈ ચીજ પાછી મળે.

## ભયહરણ જંત્ર.

| | | | |
|---|---|---|---|
| ૭૭ | ૮૪ | ૨ | ૮ |
| ૮૪ | ૭૪ | ૯૧ | ૮૩ |
| ૮૪ | ૭૪ | ૯ | ૧ |
| ૪ | ૬ | ૭૧ | ૮૫ |

માટીની ઠીકરીપર લખી આ મંત્ર કોટે બાંધે તો ભય દુર થાય.

## વા વિદ્વારણ જંત્ર.

| | | | |
|---|---|---|---|
| ૯૫ | ૯૨ | ૨ | ૮ |
| ૭ | ૩ | ૮૯ | ૮૮ |
| ૯૧ | ૯૬ | ૯ | ૧ |
| ૪ | ૬ | ૮૭ | ૯૦ |

આ મંત્રને અડુસાના રસમાં લખીન હાથે બાંધે તો વા મટે.

## સુખ સાધક જંત્ર.

| | | | |
|---|---|---|---|
| ૫૯ | ૬૬ | ૨ | ૭ |
| ૬ | ૩ | ૬૩ | ૬૯ |
| ૬૨ | ૬૦ | ૮ | ૧ |
| ૪ | ૫ | ૬૧ | ૬૪ |

કાગળપર આ મંત્ર લખી ઘરમાં રાખે તો સુખી થાય.

## અનાર વૃદ્ધ જંત્ર.

| | | | |
|---|---|---|---|
| ૮૭ | ૮૪ | ૨ | ૮ |
| ૭ | ૩ | ૯૧ | ૯૧ |
| ૯૩ | ૮૮ | ૯ | ૧ |
| ૪ | ૬ | ૮૯ | ૯૨ |

આ મંત્ર કાગળપર લખી દાડમના ઝાડે બાંધે તો ફળની વૃદ્ધિ થાય.

## શત્રુહારી જંત્ર.

| | | | |
|---|---|---|---|
| ૬૭ | ૭૪ | ૨ | ૮ |
| ૭ | ૩ | ૭૧ | ૭૦ |
| ૭૩ | ૬૮ | ૯ | ૧ |
| ૪ | ૩ | ૬૯ | ૨૨ |

આ મંત્રને લોઢાની કલમવતી નદીને કીનારે રવીવારના દીવસે લખે તો શત્રુ જીતી શકે નહીં.

જંત્ર.

| | | | |
|---|---|---|---|
| ૮૩ | ૮૬ | ૨ | ૭ |
| ૬ | ૭૬ | ૭૯ | ૭૮ |
| ૮૫ | ૭૬ | ૮ | ૧ |
| ૪ | ૫ | ૭૭ | ૮૨ |

શ્લેશા નક્ષત્રમાં આ મંત્ર દુકાનમ બાંધે તો વેરી ઘણું કષ્ટ પામે.

## પુત્ર પ્રાપ્ત જંત્ર.

| | | | |
|---|---|---|---|
| ૩૩ | ૪૦ | ૨ | ૮ |
| ૭ | ૩ | ૩૭ | ૭ |
| ૩૯ | ૪૩ | ૯ | ૧ |
| ૪ | ૬ | ૨૫ | ૩૬ |

રોટલીપર આ મંત્ર લખી કુતરાને ખવરાવે તો સ્રીને જરૂર પુત્ર થાય.

## ભય હરણ જંત્ર.

| | | | |
|---|---|---|---|
| ૫૭ | ૬૨ | ૨ | ૮ |
| ૭ | ૩ | ૫૯ | ૫૮ |
| ૬૨ | ૬૫ | ૯ | ૧ |
| ૪ | ૬ | ૫૭ | ૬૦ |

આ મંત્ર સ્ત્રીને ગળે માદળીઆમાં ઘાલી બાંધે તો ભય ન લાગે.

## દૈવતા પ્રસન જંત્ર.

| | | | |
|---|---|---|---|
| ૬૫ | ૭૫ | ૨ | ૮ |
| ૭ | ૨ | ૬૯ | ૬૮ |
| ૭૧ | ૬૬ | ૯ | ૧ |
| ૪ | ૫ | ૫૭ | ૭૦ |

આ મંત્રને વાંસની કલમવતી લખીને મસ્તકમાં બાંધેતો સર્વે દેવતા પ્રસન થાય.

## ખેલજીતાક જંત્ર.

| | | | |
|---|---|---|---|
| ૬૦ | ૬૭ | ૨ | ૭ |
| ૬ | ૩ | ૬૪ | ૬૩ |
| ૬૬ | ૬૧ | ૮ | ૧ |
| ૪ | ૫ | ૬૨ | ૬૫ |

અજવાળીરાતે સ્વાન નક્ષત્રમાં લખીને હાથે બાંધે તો સર્વે ખેલમાં જીતી શકાય.

## માન ભર્વો જંત્ર.

| | | | |
|---|---|---|---|
| ૫૬ | ૬૩ | ૨ | ૮ |
| ૬ | ૩ | ૬૦ | ૫૮ |
| ૬૨ | ૫૭ | ૮ | ૯ |
| ૬૨ | ૫૭ | ૮ | ૧ |

આ મંત્ર ભોજપત્રપરલખી સોનાના માદળીયામાં ચઢાવી કંઠે બાંધે તો આ-દરમાન પામે.

## શત્રુનાશક જંત્ર.

| | | | |
|---|---|---|---|
| ૬૭ | ૭૪ | ૨ | ૭ |
| ૬ | ૩ | ૭૧ | ૭૩ |
| ૭૬ | ૭૮ | ૮ | ૨ |
| ૬૭ | ૬૮ | ૮ | ૨ |

આ મંત્ર લખી છેદી નાંખે તો શત્રુના શરીરે ઘણું દુઃખ થાય.

## જંત્ર.

| | | | |
|---|---|---|---|
| શ્રી. | હ્રીં. | ક્લં. | છીં. |
| ૨૪૨ | ૨૪૧ | ૨૪૪ | ૨૩૯ |
| ૨૩૮ | ૨૩૭ | ૨૩૬ | ૨૩૫ |
| ૨૩૦ | ૨૩૩ | ૨૩૨ | ૨૩૧ |

કાગળપર આ મંત્ર લખી પાસે રાખે તો ભુત પ્રેતનો ભય ન લાગે.

## ગર્ભરક્ષક જંત્ર.

| | | | |
|---|---|---|---|
| ૮૦ | ૮૭ | ૨ | ૭ |
| ૬ | ૩ | ૮૪ | ૮૩ |
| ૯૬ | ૮૧ | ૮ | ૧ |
| ૪ | ૫ | ૬૦ | ૬૪ |

આ મંત્ર બૈરી પોતાની કમરમાં બાંધે તો ગર્ભની સારી રક્ષા થાય.

# ચમત્કારી પ્રયોગો.

## કાગળપર લખેલા દસ્કત ઉડી જાય.

નૌસાર, સુહાગો, અને સીંદુર એ ત્રણ ચીજને સરખે ભાગે લઈ તેને વાટી અંદર પાણી મેળવીને તે વતી કાગળપર અક્ષર લખી તેને તડકે સુકવવાથી દસ્તક ઉડી જશે ને કાગળ કોરો દેખાશે.

---

## લીંબુનો રસ ઉરાડવા વિશે.

એક શીશીમાં લીંબુનો રસ ભરી તેમાં થોડી પીળી કોડીની ભસ્મ નાંખવી અને આંગળીથી શીશીનું મોં બંધ કરવું એટલે તેમાંનો રસ ઉડી જશે.

—:૦:—

## પાણીનું દુધ.

ઝીણી મલમલનો કકડો એક ગજ લેઇને ભેંસના દુધમાં બોળી છાંયડે સુકવવો એવી રીતે પચીસ વાર દુધમાં બોળી તડકે સુકવવો. પછી જ્યારે ખેલ કરવો હોય ત્યારે પાણીમાં તે કકડો ધોળો એટલે પાણીનું દુધ થયેલું જણાશે.

——:o:——

## શીશામાં દેવતા દેખાય.

સારા ઊંચા બ્રન્ડીના શીશામાં થોડો ગંધક નાખીને તે શીશાને અંધારામાં મુકવો. એટલે શીશો દેવતાથી ભરેલો દેખાશે ને તેને હાથમાં લીધાથી દઝાશે નહી.

————

## ઊછળતુ. લીંબુ.

પારો તથા નવસાર સરખે ભાગે લેઇ

લીંબુમાં ઝીણું કાણું પાડી તેમાં ભરવું પછી તે લીંબુને તડકે સુકવવાથી પટોપટ ઉછળવા માંડશે.

---

## . દેવતા વીના ધાણી શેકાય.

જારને થોરના દુધના સાત પટ આપીને તડકે સુકવી રાખવી પછી જ્યારે ખેલ કરવો હોય ત્યારે થોડીવાર અગાઉ તે જારની પોટલી બાંધી રાખવી બાદ થોડીવાર તડકે સુકવી કપડામાં કે સુપડામાં ઉછાળશો તો તરત ધાણી ફુટશે.

---

## મેથીની ભાજી ઉગાડવાની રીત.

મેથીને ચણાના ઝાલકમાં પલાળી છાંયડે સુકવવી. એ પ્રમાણે પંદર પટ

દઇને સુકવી રાખવી પછી જયારે ખે-
લ કરવો હોય ત્યારે થોડી મટોડી તથ
છાણ પાથરી પાણી છાંટી તેમાં મેથી વા-
વવી ઉપર ટોપલો ઢાંકવો એટલે પા-
કલાકમાં મેથીની ભાજી તૈયાર થઈ ની-
કળશે

---

## પાણીમાંથી કોરી રેતી કાઢવી.

જુની ઇંટને ખાંડી તેને દીવેલનું મો-
યણ દેવું અને તેને કલેડામાં નાંખીન
શેકવી પછી તેનો ડબો ભરી રાખવો.
બાદ જયારે ખેલ કરવો હોય ત્યારે મુઠી
ભરી પાણીમાં નાંખીએ તો તેને બીલકુલ
પાણી લાગશે નહીં ને કોરીની કોરી રેહેશે.

—:o:—

## કોયલા બતાવી મીઠઈ આપવી.

પ્રથમ ખેલ કરનાર જયારે એ ખે

કરવા માંડે છે ત્યારે એક થાળીમાં કોયલા ભરી લાવે છે અને બધાને બતાવેછે પણ તે કોયલાની નીચે રેવડી, સાકરી યા ચણા, પીપરમીંટ, એવી એવી મીઠાઇ થોડી થોડી સંતાડી રાખે છે પછી-કોયલાના વાસણ પર કપડું ઢાંકી તળેની મીઠાઈ કાઢી લોકોને આપે છે તેથી જોનાર તેને શાબાશી આપે છે

---

## દોરો બળે પણ વીંટી ન પડે.

મીઠાના પાણીમાં દોરાને બેચાર વાર પલાળીને સૂકવવો પછી તેને છેડે વીંટી બાંધી તેને ઊંચો ટાંગવો પછી તે દોરાને સળગાવશો તો દોરો બળી જશે પણ વીંટી પડશે નહીં.

---

## વીંછી ઉત્પન્ન કરવા.

ગધેડાનું મુતર શેર પાંચ, તથા ભેં-સનું છાણ બાજરીનો લોટ, ખજુરીના જાલાં, ને પીલી મરોડી, એ બધાને એક ઠીકરાના વાસણમાં ભરવું. અને લુગડુ વતી તે વાસણનું મોં બંધ કરી રાખી મુકવું પછી ત્રીજે દહાડે તે ઉઘાડયાથી સેંકડો વીંછી દેખાશે.

---

## પાણીનું લોહી.

એક કાચના વાસણમાં પાણી ભરવુ પછી બધા લોકોને બતાવવું કે જુઓ આ પાણી છે એમ કરી તેનાપર તે વાસણ ઢંકાઇ રહે તેવડો રૂમાલ મુકવો રૂમાલ ઢાંકતીજ વખતે વીલાયતી લાલ રંગનો કકડો ચાલાકીથી તે વાંસણમાં નાખી દેવો બાદ થોડી વારે વાસણ ઊઘા-

ડયાથી પાણી લાલ લોહી જેવું જણાઈ આવશે.

---

## બેઆની ઊરાડવા વીશે.

પ્રથમ બેઆની હથેલીમાં લેઈ લો કોને બતાવવી કે જુઓ આ બેઆની છે તેને હું ઊરાડી મુકું છું પછી મુઠી વાળવી. પણ મુઠી વારતા પેહેલાં વચલી આંગળીને પાછળથી નખ ઉપર મીણ ચોટાડી રાખવું. કે જેથી મુઠી વાળવી તે જરા ચાંપીને વાળવી કે બેઆની મીણ સાથે વળગી જાય પછી મુંઠી ઊઘાડી રાખવાથી બેઆની ઉડી ગયેલી જણાશે.

---

## છાતી પર પથ્થર ભાંગવો.

એક પથ્થર આસરે દશ શેરના વજ

નનો લેઈ તેને કોયલાની ભઠ્ઠીમાં ઘાલ-ખુબ તપાવવો પછી તેને પાણીમાં મુકવો એવી રીતે બે ત્રણ વખત પથ્થર પકવવો બાદ જ્યારે ખેલ કરવો હોય ત્યારે એક માણસને ચતો સુવાડવો પછી જાડી બનાત યા સેતરંજીની દસ ગડી વાળી તે ઉપર પથ્થર મુકવો બાદ તેનાપર ધીમેથી હથોડા મારવાથી પથ્થરના ચુરે ચુરા થઇ જશે.

---

## જાદુઈ દેવતા.

એક લોઢાના પત્રા ઉપર થોડો સુરો ખાર નાંખીને તે ઉપરના ગંધકનાં ફુલ છાંટશો તો પણ પોતાની મેળે બળતું થસે પણ એ પ્રયોગ કરતી વખતે ગંધકનો ધુમાડો મોંમાં ન જાય તેની સંભાળ રાખવી.

---

## દેવતાથી કાગળ ન બળે.

એક લોઢાનો સળીયો દોઢ ઇંચ જાડો લેવો અને તેના ઉપર કાગળ વીંટાળીને સ્પીરીટના દીવા ઉપર ધરવા પણ કાગળ બીલકુલ બળશે નહીં.

---

## લીંબુમાંથી લોહી કાઢવું.

એક લોઢાના ચપ્પુ ઉપર કપાસના ફુલનો રસ ચોપડી સુકવવું. એવા ત્રણ ચાર પટ દઈ સુકવો પછી તે ચપ્પુથી લીંબુ કાપશો તો અંદરથી લોહીના જેવો પદાર્થ નીકળશે જેમ ચપ્પુને વધારે પટ દેસો, તેમ વધારે લીંબુનો પ્રયોગ કરવાને સમર્થવાન થશે.

---

## રૂપાનું ઝાડ ઉગાડવાનું.

એક શીશામાં આશરે ચાર ડ્રામ નાઇટ્રેટઓફશીલવર નાંખી તેમાં થોડું વરસાદનું પાણી ભરી અને તેમાં એક ઔંસ પારો નાંખો. પછી સીસાને એકાંત જગાએ રાખો કે જેથી તે હાલે નહીં. એટલે તુરત તમને થોડા વખતમાં સુંદર ઝાડ દેખાશે.

---

## થાળીમાં સોયો નચાવવી.

એક થાળીમાં સોય નાંખી પછી તે થાળીની નીચે લોહચુંબક ફેરવશો તો થાળીમાં સોયો દોડાદોડ કરી મુકશે.

---

## પાણીમાં સોય તરાવવી.

એક કાચના ગ્લાસમાં ટોચ સુધી પાણી ભરવું બાદ તે પાણી સ્થીર થાય કે

તેમાં એક ઝીણી સોય આડી મુકવી. તે જ્યાં સુધી પાણી હાલશે નહીં ત્યાં સુધી તર્યા કરશે.

---

## પગે પાવડી ચોંટાડવી.

પ્રથમ પાવડીને બાવળના ગુંદરનું જાડું પડ ચોપડી સુકવી દેવી. બાદ જ્યારે ખેલ કરવો હોય ત્યારે પગ ધોઇને પાવડીપર જોરથી દબાવી ઉભા રેહેવું કે તુરતાતુરત પાવડી પગે ચોંટી જશે, બાદ તમે જેમ જેમ ચાલતા જશો તેમ તેમ પાવડી મજબુત ચોંટતી જશે. લોકો અજાયબીમાં આંધળા થશે.

---

## પાણીમાં ભડકા.

પોટાસીયમ નામનો ધાતુ પાણીમાં નાંખે તો પાણીમાં ભુતના જેવા ભડક

માલમ પડશે.

---

## ઝાડપર દીવા દેખાડવા.

ફોસફરસ, વીથ, ઇથર, નામની અંગ્રેજી દવા આવેછે તેને લાવીને પીચકારીમાં ભરી ઝાડપર છાંટે તો ઝાડપર દીવા દેખાય.

---

## મોંઢામાંથી ભડકા કઢાવા.

થોડો ફોસફરસ લઇ તેને આંબાની ગોટલીમાં કાણું પાડી ભરવો અને પાછળથી સોય વતી ઝીણા વેહ પાડવા આવી રીતની બનાવેલી ગોટલી મોંમાં રાખી બાહારની ફુંક મારવી એટલે ભડકા થશે. પણ એટલું યાદ રાખવું કે ગોટલીમાં પ્રથમ ભીનું કપડું મુકી ફોસફરસ ભરવો.

## સિસામાં ઈંડુ ઉતારવાની રીત.

મરઘીના ઈંડાને દરાખના સરકામાં બોળી મુકવું અને તે નરમ થાય એટલે સીસામાં ઉતારી તેમાં પાણી નાંખવું.

---

## સીસામાં દુધીની તુમડી ઉતારવી.

પ્રથમ એક પોહોળા મોંઢાની બાટલી લઈ દુધીના તુમડાનું ચારૂં તે બાટલીના મોમાંથી અંદર ઉતારી મુકવું. જ્યારે મોટું થાય એટલે ડીંટુ તોડી નાંખવું.

---

## વગર દેવતાએ ચાહ કરવો.

પ્રથમ એક સાંકડા મોંના વાસણમાં ચુનો ભરવો. અને પછી તે વાસણમાં પાણી રેડવું અને તેના પર ચહાદાની

ચાહ તથા પાણી મુકીને તે વાસણપર મુકવી એટલે વગર દેવતાએ ચાહ ગરમ થશે.

---

## અગ્નિમાં હાથ નહિં બળે.

નૌસાર તથા કપુર એ બંન્નેને પાણીમાં વાટી હાથે લેપ કરે પછી દેવતા પકડે તો બળે નહીં.

—:o:—

## ગુલાબના ફુલને સફેદ કરવાની રીત.

ગુલાબનું ફુલ લેઈ તેને લાકડીયા ગંધકનો ધુમાડો આપશો તો ફુલ સફેદ થશે અને પાણીમાં નાંખશો તો પાછું લાલ થઇ જશે.

—:o:—

## લુગડાં નહીં બળે.

સ્પીરીટમાં થોડો કપુર મેળવીને તેમાં કપડું બોળીને સળગાવી મુકે તો લોક જાણે કપડું બળી ગયું પણ કપડું બળતું નથી.

---

## કાચ ખાવાની રીત.

પ્રથમ કાચની બાટલીના કડકા કરીને તે કકડા અગ્નીમાં નાંખી સારી રીતે તાપ આપવો અને આદાના રસમાં ભીંજવી મુકવા પછી યુકતીથી ચાવવા.

---

## રૂપીયો ઉશાડવો.

પ્રથમ એક ડબ્બો એવો કરાવવા કે જેમાં બે ખાનાં હોય પછી જ્યારે ખેલ કરવો હોય ત્યારે એક ખાનામાં રૂ-

પીઆ મુકવો ને, બીજું ખાલી રાખવું. પેહેલાથી રૂપીઆ વાળું ખાનું બતાવી પછીથી ખાલી ઉઘાડયાથી લોકો અજાયબ થશે.

---

## પાણીમાં કોયલાનો ભુકો નાંખી માંછલી ઉત્પન્ન કરવી.

માંછલીના ઇડાને કોયલાના ભુકાસાં મેળવી અને જ્યારે ખેલ કરવો હોય ત્યારે તે ભુકાને પાણીમાં નાંખવાથી થોડા વખતમાં પાણીમાં સેંકડો માંછલીઓ ઉત્પન્ન થએલી જણાઈ આવશે.

---

## શરીરમાં છરી ભોંકવાની રીત

પ્રથમ છરી એવી કરાવવી કે તે છરીનો હાથ પોલો હોય અને તે છરીને

પાના શાથે અંદરની બાજુથી ચાંપ હોય જ્યારે તે છરી શરીરના કોઇપણ ભાગમાં મારવી હોય ત્યારે પેલી ચાંપ જરા પાછળથી ખેંચી લેવી એટલે છરીનું માનું હાથામાં જતું રહેશે. અને જ્યાં છરી મારશો ત્યાં ઇજા નહીં થતાં માત્ર લોકોને અજાયબ કરી ચોંટી જશે.

---

## પાણીમાં બળતું કરવું.

એક સાકરનો કટકો લેઈ તેનાપર થોડો ફોસફરસ લગાડો અને તેને એક પાણી ભરેલા વાસણમાં નાંખો એટલે સુંદર બળતું દેખાશે. પણ ફોસફરસ વાપરતાં શાવચેતી રાખવી કે જ્યારે તેનું કામ હોય ત્યારેજ તેનેબહાર કાઢવો.

---

## અડદના દાણા નાંખી ઘાસ સ-ળગાવવું.

ફાસફોરસની ઝીણી કકડીયો કરી પ-છી તેની સાથે થોડા અડદના દાણા ભે-ળી ઘાસની પુળીઓમાં ફેંકવાથી થો-ડી વારમાં પુળીઓ સળગી ઉઠશે.

---

## ચારણીમાં પાણી ભરવું.

મોટા વેહેવાળી ચારણી લેઈ તેને ગું-દાના ચીકણા રસથી લીંપી છાંયડામાં સુકવવી. એવી રીતે બે ત્રણ વખત કરી તૈયાર કરેલી ચારણીમાં પાણી ભરવાથી બીલકુલ પાણી બહાર જશે નહીં ને જોનારા અચંબો પામી તમ-ને સારી સાબાશી આપશે,

---

## અખંડ દીવો બાળવો.

સમુદ્રફીણને તથા ગંધકને વાટીને દીવેટમાં ઘાલી તેલના કોડીયામાં તે બતી મુકી દીવો કરે તો તે ગમે તેવા પવનમાં પણ હોલવાઈ નહીં જાય.

---

## રૂમાલમાં ઘડીઆળ ગેબ કરવી.

બે રૂમાલ એક જોડાના લયો, અને તેને ચારે ગમથી એવી ઝીણી શીય-ણીથી સીવો કે કોઇને માલમ પડે નહીં. કે આ રૂમાલ સીવેલો છે. પછી એક રૂમાલમાં વચ્ચોવચ ઘડીઆળ જાય એવું કાંણું પાડવું. પછી જ્યારે ખેલ કરવો હોય ત્યારે રૂમાલ પાથરવો તેમાં ચતુરાઈ એ રાખવી કે કાંણાવાળા ભાગને નીચે રાખવો. પછી ઘડીઆળ લઇ રૂમાલની નીચે મુકવાને બાને ધીરેથી રૂમાલમાં સેરવી ઝડપથી

રૂમાલને ઉચકી જે ખુણામાં ઘડીઆળ જાય તે ખુણાને ચાલાકીથી પકડો એટલે કોઈ જાણશે નહીં, આ રૂમાલમાં બીજા ખેલો પણ ચાલાકીથી કરી શકશો.

---

## વીંટી ને રૂપીઓ એક થાય.

પેહેલાથી એક રૂમાલને છેડે રૂપીઆને એવી રીતે બાંધો કે જ્યારે તમે છોડવા માંગો ત્યારે સેહેલાઇથી છુટી શકે, પછી બે માણસને બોલાવો અને રૂમાલના અંદરથી રૂપીઓ પકડાવી રૂમાલને ગાંઠ બાંધી દો અને બીજા માણસના હાથમાં વીંટી આપો અને ને વીંટી આપતી વખતે તમે બીજો એક રૂપીઓ હથેળીમાં છુપાવી રાખો. વીંટી તે માણસના હાથમાં આપી રૂ-

માલની ગાંઠ બાંધતી વખતે હળવેથી રૂપીઓ ભેગો બાંધી દો અને પ્રથમ રૂપીઆવાળા પાસેથી રૂમાલ છીનવી લો ને ખુબ ચાલાકીથી કોઇ ન જાણે તેમ રૂપીયો છોડી લઈ સંતાડી દો. પછી પેલા બીજા માણસ પાસે રૂમાલ લઇને હલાવો એટલે વીંટીને રૂપીઓ એ કઠાં થઈ જશે.

---

## પાણીનું દુધ બનાવવું.

પાણીની અંદર લેટ ઓફ સ્યુગર- નાંખવું. અને તેને જરાવાર હલાવવું એટલે પાણીનો રંગ બદલાઇને દુધ જેવું થશે. પણ એ કોઇને પીવા દેવું નહીં કારણ કે એ પાણી ઝેરી છે. માટે ખુબ સંભાળ રાખવી.

---

## શીકાર મરે પણ ઘા ન દેખાય.

બંદુકમાં પારાની ગોળી ભરી લુગડાંની આડમાં રહીને જો બંધુક મારે તો શીકાર મરી જાય પણ તે શીકારને કઈ જગોપર ઘા વાગ્યો છે તે જણાય નહી.

---

## બંદુકની ગોળી પકડવી.

જ્યારે ખેલ કરવો હોય ત્યારે એક દારૂની ગોળી તઈયાર કરવી અને એક શીશાની ગોળી તઈયાર કરવી પછી બંદુક ભરતી વખતે પેલી શીશાની ગોળી બતાવી તેને બદલે લોકોની નજર ચુકાવી પેલી દારૂની ગોળી અંદર નાંખવી પછી બીજા આદમીના હાથમાં બંદુક આપી પોતે સામી બાજુપર જવું અને પછી બંદુક ફોડવાની રજા આપવી. તે બંદુક ફોડે કે ગોળી પકડવાના ચાળા કરી પે-

લી ગોળી બતાવવી ને કેહેવું કે જુઓ આ ગોળા મેં પકડી.

---

## ગુલાબનાં ફુલ કાઢવાં.

ગુલાબના અથવા બીજી કોઈ પણ જાતનાં ફુલ કાઢવાં હોય તો તે જાતનાં ફુલ તમારે તમારી પાસે છુપાવી રાખવાં અને જરૂર પડે ત્યારે ચાલાકીથી કોઈ ન જાણે તમે તે છુપાવેલાં ફુલ કાઢવાં. પણ હુંશીયારી રાખવી કે તમે તે કયાં છુપાવ્યાં છે તે કોઈ જાણે નહીં.

---

## ચાર રાજા જોડે રાખવા.

ગંજીફાના બાવન પત્તામાંથી ચાર રાજા જુદા કહાડો બાદ એક રાણી કાઢો ને પછી એક ગુલામ કાઢો. તે પેહેલાં તમારે ત્રણ ફાલતુ પત્તાં વધારે

રાખવાં હુવે તમે તે ચાર રાજાનાં એક મેક મોં જણાય તેમ ઉઘાડાં રાખી છેક નીચે ત્રણ પત્તાં રાખો. પછી કોઈ અ- જાણ્યા માણસ પાસે બાજી ચીપાવો. ને તેની થોક મુકી એક બાજુ રાણી તથા એક બાજુ ગુલામ મુકો. પછી ત- મે તમારા હાથમાંના રાજા બાજીપર મુ- કી લોકોને ધ્યાન રાખવાનું કહો. હુવે તમે એક પતુ ઉંધું ઉપાડો લોક કહે તેમ તે જગાએ મુકો એવી રીતે ત્રણ પત્તાં મુકયા પછી ચોથા રાજાને પકડા- વવો. બાદ તેને ઠપકો દેઇ પેલા ત્રણ બાદશાહુને પકડી લાવવાનું કેહેવું ને તેને બાજીપર મુકી ત્રણ ફુંકો મારી મંત્ર ભણતા હોઇયે તેવી રીતે હોઠ હલાવી મારવી. એકેકું પતું ઉપાડશો તો- ચારે બાદશાહુ જોડે નીકળી આવશે.

---

## પથ્થરપર પૈસો ચોંટાડવો:

મરાઠી ભાષામાં ટટી નામની વસ્તુ ઓળખાય છે. તેનો સફેદ ભુકો પથ્થરપર મુકીને તેનાપર પૈસો મુકવો પછી તેનાપર પથ્થરનો ઘા મારવો એટલે પૈસો સજજડ ચોંટી જશે, પણ ભુકો મુકતી વખતે જોનારને જણાવવું જે એ મંત્રની ભુકી છે.

---

## લોટાપરનું લુગડું ન બળે.

એક મોટો લોટો ઉંધો મુકીને તે ઉપર લુગડું ખેંચીને બાંધવું તે એવી સફાઈથી કે એક પણ કરચોલી રહે નહીં પછી તેનાપર દેવતા મુકી ફુંક મારીએ તો પણ લુગડું બળતું નથી.

---

## દીવા વીના અજવાળુ.

એક નહાની શીશીમાં ફોસફરસની એક કરચ નાખવી. પછી તે તેને ત્રીજા હીસ્સા જેટલી ઉકળતા જળપાઇના તેલથી ભરીને મજબુત બુચ મારવો પછી રાતની વખતે ગમે ત્યારે તેનો બુચ ઉઘાડીએ ત્યારે તેમાંથી એટલું અજવાળુ પડશે કે ઘડીઆળપરના ટાઈપ જોઈ શકાશે.

---

## ખોટું સોનું-બનાવવાની રીત.

સોળ ભાગ પ્લાટીનમ નામની ધાતુ તથા સાત ભાગ ચોખુ ત્રાંબુ, એક ભાગ ચોખુ જસત, એ ત્રણે જાતની ધાતુને પીંગળાવવી જ્યાં સુધી ધાતુઓ પીંગળે નહીં ત્યાંસુધી તપાવવી પછી જ્યારે પીગળીને એકઠી થઈ જાય ત્યારે ઉતારી લઈ તેને ઠરવા દેવી એટલે સોનાના જેવી ને

તેવીજ ભારે ચળકાટ ભરી ધાતુ તૈયાર થશે.

---

## કાગળપર દોડતો અગ્નીદેવ.

હળદરમાં ભીજવેલા કાગળનો એક કટકો લેવો નેતેની ઉપર પોટાસિય એક ચરચ નાંખવી કે તે કરચ કાગળપરના પાણી સાથે મળશે તેવીજ બળી ઉડશે ને જાણે પાણીની સોધમાં હોય તેમ કાગળપર ઘુમ્યા કરશે.

---

# વિષ વિદ્દારણ તંત્ર.

## સર્પ કરડયો હોય તેનો ઉપાય.

વાંઝીયા કંટાલાનો લીલો કંદલાવી સરપે ડંખેલા માણસને આશરે બેથી ત્રણ તોલા સુધી ખવરાવવો, ને એજ કંદ ગાયના મુતરમાં ઘસીને ડંખ ઉપર લેપ કરવો એટલે સાપનું જેર ઉતરી જશે. આ કંદ કાંઈ દરેક વખતે મળી શકતો નથી માટે ચોમાસામાં ખાતરીદાર માણસ પાસે મંગાવીને તેના ચાર પાંચ તોલાન કડકા કરીને માટીની કુંડીમાં ગાયનું અથવા બકરાનું મુતર નાખી તેમાં એ કકા સુરજના તાપમાં સાત દહાડા રાખવા ને તેને સુકવી રાખવા પછી જ્યારે ખપ પડે ત્યારે ઉપયોગમાં લેવા આ ઉપાય ખાતરીદાર છે.

## ઇંગ્રેજી ઉપાય.

ડંખકીધેલી જગ્યાપર "લ્યુનાર કાસ્ટીક" એટલે કાડીખાર એક મીનીટ સુધી ઘસવાથી સાપનુ ઝેર ઉતરી જશે. અથવા "લાઇકર અમોનીયા" યા નવસાગરના અરકમાં લુગડાની થડી ભીજવીને ડંખપર મુકવી તેથી પણ ઝેર ઉતરી જઇ જરા શાંતી મળશે

---

## વીંછીના ઉપાય.

કોઇ પણ જાતનો પીવાનો જલદ દારૂ પાસેર લેઇ તેમાં ચાર તોલા વાટેલુ મીઠું નાંખી તે ઓગળી જાય ત્યારે લુગડાંની ગડી વાળીને તેમાં ભીંજવીને ડંખપર મુકવો. અને વારે વારે દારૂનાં ટીપાં તેપર પાડવાં તો ઝેર થોડીવારમાં ઉતરી જશે. પણ જો હાથ યા પગનાં આંગળા-

માં કરડયો હોય તો ઉપલી મેળવણીમાં તે આંગળાં બોળી રાખવાં આ ઇલાજ સેહેલો ને ગુણકારક છે. બીજો—રાતા કણેરનાં તાજાં મુળીયાં અને કાળાં મરી એ બેને પાણીમાં વાટીને ડંખ કીધેલી જગ્યાપર લેપ કરવો, એટલે ઝેર ઉતરી આરામ થશે.

---

## ઉંદરનો ઉપાય.

ઝીંઝોટાના ઝાડનાં કુમળા પાંદડાનો રસ કાઢીને આશરે બેનો લઇને તેમાં ચોખું મધ એક તોલો મેળવીને સવારના તથા સાજના બેઉ વખત પીવું એ પ્રમાણે સાત દીવસ સુધી બેબે વખત વખત બનાવીને પાવું. તથા તે સાત દીવસ સુધી ઘી, ભાત અને તુવેરની દાળ અ ગરમ મગની દાળ એટલા વાના ખાવાં બીજું ખાવું નહીં.

## ઉપાય બીજો.

ડંખ કીધેલી જગ્યાપર બીલાડીનુ હાડકું, અથવા દાંત પાણીમાં ઘશીને ત્રણ દહાડા લગાડવાથી ઝેર ઉતરી જશે અ-થવા ચુલાપરનો ધુમાસો, મજીઠ, અને સિંધાલુણ એમાં થોડું પાણી નાંખીને ડંખપર લેપન કરવો. એટલે ઝેર ઉતરી આરામ થશે.

---

## ગીલોડી (ઘરોળી)નો ઉપાય.

સુંઠ, મરી પીંપર, કંરજના બીજ, આંબાહળદર, કૌવચાનાબીજ, બાવચા અને હળદર સરખે ભાગે લેઈને પાણીમાં વાટવાં બાદ ત્રણ દીવસ સુધી શરીરપર ચોપડવાં. ઉપાય બીજો—મજીઠ હરડાં, બેડાં, આમળાં, કડુ, હળદર, દારૂહળદર, ઉપલેટ, ધમાસો ને ઈંદ્રાવણના મુળીયાંને

સરખે વજને લેઇને અધખોખરૂં કરીને ત્રણશેર પાણીમાં ઉકાળવું ને પાણી શેર રહે સીસામાં ભરી રાખવું. તેમાંથી ત્રણ દીવસ સુધી સાંજ સવાર પીને પુરૂ કરવું. એ પીધાથી શરીરમાંથી ઝેર નીકળી જશે.

---

## કાનખજુરો.

કંટાળાના થોરાના દુધમાં પીપર ઘશીને ચોપડવી બીજું જ્યાં ડંખ હોય તે જગ્યાપર ગુગલના ધુપનો ધુમાડો દેવો. ત્રીજો નવસાગર વાટીને ચોપડવો.

---

## વશી કરણ.

સીંદુર, કંકુ, તથા ગોરોચન તે સઘળાને ખાંડી તેનો ચાંલ્લો કપાળે કરવાથી જોનાર લોકો વશ થાય.

## ઉપાય ચીજો.

મનસીલ અને કપુરને કેળાના રસમાં મેળવી તેનો ચાંલ્લો કરવાથી સરવે લોકો વશ થાય.

---

## ઘરમાં સાપ ન રહે.

સીંહની ચરબી ઘરમાં ડુંગળી સાથે રાખવાથી ઘરમાં સાપ આવે નહી. તેમ હોય તે જતા રહે.

---

## સ્ત્રીને સેહેવત ઘણી હોય તેનોઉપાય

જે સ્ત્રી જુવાન હોય ને પુરૂશ ઘરડો હોય તેથી સ્ત્રીને ખુજલી ઘણી થતી હોય કેનો ઇલાજ. કપુર અને ટંકણખાર એક ટાંક પાનમાં મુકીને કેટલાએક હપતા સુધી આપે તો સહેવત કમી થાય.

---

## નાહાના બાળકની સંભાળ.

નાહાના બાળકની બધી વાતે ઘણી તપાસ રાખવી એ તેમાં મા અને બાપનુ કામછે. તેમાં પણ વધારે તપાસ માને રાખવાનીછે બાળકને ધાવણ સારૂ અને નીરોગી આવે તે સારૂ પોતે ખોરાક સાદો અને હલકો ખાવો ને એને ધવરાવવાની ઘણી તજવીજ રાખવી; જ્યારે પુરૂશનો સંગ કરવાનો હોય ત્યારે આગળથી ધવરાવવું; તેથી ફાયદો છે ને સંગ થયા પછી ધવરાવે તો બાળકને રોગથાયછેમાટે તેના બેવરસની ઉમર થાય ત્યાં સુધી બહુ તપાસ રાખવી ધાવણા બાળકને ચા પાંચ દીવશે સારૂ ચોખુ વીલાયતી દીવેલ મધમાં નાંખી ચટાડવુ કે એથી ઝાડો સાફ ખુલાસાબંધ આવે તેથી પેટ હલકુ રહે.

---

## તાંબુ તથા સોનુ મારવાનો ઉપાય.

ચોખ્ખુ ત્રાંબુ લઇને સોનીપાસે તેનાં પાતળાં કાગળ જેવાં પત્રાં કરાવવાં તે પહોરમાંથી દરેક કડકો ત્રણ ભાર કરાવવો તે બધાતઈયારથાય એટલે બોતામાં મુકાવજો તાંબાના કટકા ટાંક ૧૦ વજને હોય તો પારો ટાંક ૨ ૨ ને ગંધક ટાંક ૪ એ બેઉને ખલમાં નાંખીને ઘુંટવા તે જ્યારે ગંધકનોરંગ સીંહા જેવો થાય ત્યારે પારો ગીરદીની માફક થાય તારે તેમાંથી જરીક લઈને બોતામાં સુકવો તેના ઉપર એક પતરૂં મુકવું એ રાતે તમામ પતરાં મુકયા પછી બોતા ઉપર એક ઠીંકરૂ મુકવું ત્યાર પછી અડઈઆ સો જમીન ઉપર મુકી ચારે તરફ અગની મુકી સળગાવવું જયારે તેબળી રહે તારે પેલો બોતો

બાહાર કાહીને તેમાંથી પતરાં કાઠી લઈ ખલ કરવા એટલે સારેલું સુધ તાંબુ થશે જેવો ફાયદો મારેલો પોલાદ (ગજવેલ) કહેલો છે તેમ મારેલું તાબુ પણ બરાબ-ને તે ખાવાની વિધી પ્રમાણે ખાઈને કુ-ચરી પાળે મરદી ખુબ વધેછે.

---

## બગાસાનો ઉપાય.

માણસને કોઈ વેળા બગાસાં ઉપ-રા ઉપરી આવેછે. બગાસુ એટલે જે માણસનું મોં પહોળુ થઈને આહા!એવો અવાજ થાયછે ને તેનાં બે કારણ, તેમાં પહેલું કારણ એ જે રાત્રીએ નીત્યનો વ-ખત થાયછે. એટલે બગાસાં આવે છે. માટે વેળા થઇ એટલે સુવાની તઈઆરી કરી સુતા એટલે બંધ પડે છે તે કોઈ કારણસર ઉજાગરો થાય તો દીવસે બ-ગાસાં આવે; એટલે સુવું એઈએ સુતેથી

ઉજાગરાની કસર મટેછે. એવી રીતના બગાસાં તો હરેક માણસને આવેછે પણ ઉજાગરો નહી છતાં બગાસાં ઘણા દિવસના આવે તો અંગમાં સુસ્તી થએલી જાણવી ને તે રોગનું કારણછે. માટે તેને હલકો જુલાબ આપનો ને સુસ્તી મટે એવું ચુરણ ખાવું.

સમાપ્ત.